## ઝઘડિયાના લીંભેટમાં જમવા બાબતે દિયરનો ભાભી, ભાઇ અને ભત્રીજા ઉપર હુમલો

**‘ભાભી** જમવાનું બનાવે છે, થોડીવાર પછી આવજે’ તેમ કહેતાં દિયરે હુમલો કર્યો

ઝઘડિયા: ઝઘડિયાના લીંભેટ ગામે દિયરે ભાભી પાસે જમવાનું માંગતાં પિતરાઈભાઈએ જણાવ્યું કે, ‘ભાભી જમવાનું બનાવે છે, થોડીવાર પછી આવજે’ તેમ કહેતાં દિયર એકદમ ઉશ્કેરાઇ ગયો હતો. અને લાકડીના સપાટા મારી ભાભી,ભાઈ અને ભત્રીજાને માથાના ભાગે ઇજા કરતાં લોહીલુહાણ થયા હતા. જેથી પિતરાઈ ભાઈએ તેના ભાઇ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ઝઘડિયાના લીંભેટ ગામે રહેતા અર્જુન ગંભીર વસાવા મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત રોજ અર્જુનનો પિતરાઈ ભાઈ મહેશ તેના ઘરે આવ્યો હતો અને જમવાનું માંગતો હતો. આથી અર્જુનભાઈએ જણાવ્યું કે, તારી ભાભી જમવાનું બનાવે છે. થોડીવાર પછી આવજે. મહેશ અર્જુનના ઘરના આંગણામાં ઊભો રહી ગાળો બોલતાં અર્જુને ગાળો બોલવાની ના પાડી હતી. આથી મહેશે એકદમ ઉશ્કેરાઈ જઈ તેના ઘરમાંથી લાકડીનો સપાટો લઇ આવી અર્જુનને માથાના ભાગે કાન પાસે સપાટો મારી નીચે પાડી દીધો હતો. આથી તેની પત્ની છોડાવવા આવતાં તેને પણ તેના દિયર મહેશે માથાના ભાગે સપાટો મારી દેતાં લોહી નીકળ્યું હતું. ત્યારબાદ અર્જુનનો છોકરો કાર્તિક પણ તેના મા-બાપને છોડાવવા આવતાં મહેશે કાર્તિકને ખભાના ભાગે સપાટો મારી દીધો હતો. આથી ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાલિયા સરકારી દવાખાના લઈ જવાયા હતા. આ બાબતે અર્જુને પિતરાઈ ભાઈ મહેશ રમેશ વસાવા વિરુદ્ધ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## ATMના પાસવર્ડ હેક કરી બારોબાર નાણાં તફડાવી લેતા બે શખ્સો પંજાબથી ઝડપાયા

**એ.ટી.એમ.ના** ડાયલર પાસે આઈબોલ વાઈફાઈ કંપનીનો કેમેરો ફિટ કરી ગ્રાહકોના પાસવર્ડ મેળવી નાણાંની ઉઠાંતરી કરતા હતા

**૧૫.૮૫** લાખ રૂપિયાની ઉઠાંતરી કરનાર રચપાલસિંગ બલદેવસિંગ અને જશપાલસિંગ કૌરસીંગની લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ભટિંડાથી ધરપકડ કરી



ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર રોડપરના એક એ.ટી.એમ.માંથી સાઈબર ચાંચિયાઓએ 4 માર્ચ, 2020ના રોજ 1585500 રૂપિયાની ચોરી કરી હતી. જે અંગેની ફરિયાદ ભરૂચના સી-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી. જેની તપાસ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. એલ.સી.બી.ની ટીમે એ.ટી.એમ. અને તેની આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આઈ.ટી.ની ટીમને કામે લગાડી સાઈબર ચાંચિયાઓનું પગેરું મેળવવાનો પ્રયાસ ક્યો હતો. જેનો રેલો છેક પંજાબના ભટીંડા સુધી પહોંચ્યો હતો. જેના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભટીંડા પહોંચી ત્યાંથી રચપાલસીંગ બલદેવસીંગ અને જશપાલસીંગ કૌરસીંગની ધરપકડ કરી હતી.

### આરોપીઓ કઈ રીતે કરતા હતા ચોરી

એટીએમમાંથી રૂપિયા તફડાવનાર ટોળકી જે એ.ટી.એમ.નો પાસવર્ડ સીસ્ટમ ઓનલાઈન ન હોય તેવા એ.ટી.એમ.ને ટારગેટ કરી તેની રેકી કરતા હતા. એ.ટી.એમ.ના ડાયલર પાસે આઈબોલ વાઈફાઈ કંપનીનો કેમેરો ફીટ કરી ગ્રાહકોના પાસવર્ડ મેળવી તેના દ્વારા નાણાંની ઉઠાંતરી કરતા હતા.

### રચપાલસિંગ ATMના કેશફીડર તરીકે કામ કરતો હતો

એટીએમ માંથી નાણાં તફડાવનાર ટોળકીનો રચપાલસીંગ અગાઉ પંજાબના ભટીંડા ખાતે એસ.બી.આઈ. બેંકના એટીએમ મશીનોમાં કેશ ફીડર તરીકે કામ કરતો હતો. જેને લઈ તે મશીનમાં રૂપિયા ફીડ કરવાની પધ્ધતિથી વાકેફ હતો. અને એટીએમની આંટીઘૂંટી પણ જાણતો હતો. જે સમગ્ર પ્રકરણમાં સુત્રધાર તરીકે કામ કરતો હતો.

### ડિટેક્ટ થયેલા ગુના

* ઉત્તરાખંડના દહેરાદૂનમાં રચપાલસીંગ, ગગનસીંગ, અને લખવીંદરસીંગે ભેગા મળી એ.ટી.એમ.માંથી 1.40 લાખની ચોરી કરી હતી.
* રાજસ્થાનના ગંગા નગરમાં એસ.બી.આઈ.ના એટીએમમાંથી રૂા.30 લાખની ઉઠાંતરી કરી
* દહેરાદનના એસ.બી.આઈ.ના એ.ટી.એમ.માંથી રચપાલ તેના સાથીદારો સાથે મળી રૂા.20 લાખની ઉઠાંતરી કરી હતી.
* પઠાણકોટના એ.ટી.એમ. તોડવાના પ્રયાસમાં ગાર્ડ સાથે મારામારી થઈ હતી.
* રાજસ્થાનના કોટા મહાવીર નગરમાં એ.ટી.એમ.માંથી 11 લાખની ઉઠાંતરી કરી હતી.

## ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં 2 આખલા વચ્ચે યુદ્ધ લાંબું ચાલ્યું, જોવા લોકોનું ટોળું ભેગું થયું



■ ભરૂચ: ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં આખલા યુદ્ધ કરી રહ્યા હતા. આ જંગ લાંબા સમય સુધી ચાલતાં આસપાસનો વિસ્તાર જાણે આખલાઓએ બાનમાં લઈ લીધો હતો. આખલાઓને લડતા જોવા માટે લોકોનાં ટોળાં ભેગા થયાં હતાં.

## ભરૂચના ગીત-સંગીત તેમજ કલાક્ષેત્રે જોડાયેલા કલાકારોનું કલેક્ટરને આવેદન

ભરૂચ: ગુજરાત કલાવૃંદ સાથે જોડાયેલા અને સંગીતની કલા ક્ષેત્રે સંકળાયેલા કલાકારોએ ભરૂચ કલેક્ટરને આવેદન આપી અનલોક-4 તબક્કામાં ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે છૂટછાટ આપવા માટે માંગ કરી હતી. 6 મહિના બાદ પણ વ્યવસાય પુન: શરૂ થવાના કોઈ આસાર નહીં દેખાતાં વ્યવસાયિકો સરકાર સામે ગુહાર લગાવી રહ્યા છે. હાલ આવનાર નવરાત્રિના આયોજન અંગે પણ વધુ ખેલૈયાઓ ઉપસ્થિત રહી શકે તેવી પરવાનગી આપવા વિનંતી કરવામાં આવી છે.

## આમોદમાં અંદરગ્રાઉન્ડ કેબલમાં ફોલ્ટ થતાં નવ કલાક વીજળી ડૂલ રહેતાં લોકો બફારાથી અકળાયા

ભરૂચ: આમોદમાં સોમવારે સાંજથી અંદર ગ્રાઉન્ડ કેબલ ફોલ્ટ થતા લોકો નવ કલાક સુધી અંધારપટ છવાયો હતો. ગરમીના કારણે ઉકળાટ અને બફારાથી અકળાયા હતા તેમજ મંગળવારે સવારે પણ વીજ લાઇન બંધ રહેતા લોકોના સરકારી કામો અટવાયા હતા. જોકે આમોદ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓએ યુદ્ધના ધોરણે કામગીરી આરંભી એક્સ્ટ્રા વીજ લાઇન ચાલુ કરી આપી લોકોને રાહત આપી હતી.

## ઉમરા ગામ પાસે ટ્રેન અડફેટે અજાણ્યા આધેડ પુરુષનું મોત

દેલાડ: ઓલપાડ તાલુકાના ઉમરા ગામની રેલવે ફાટકની બાજુમાં ટ્રેક પરથી ૫૫ થી ૬૦ વર્ષની વયનો પુરુષ તા. ૭એ સોમવારે રાત્રે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન ચાલતો ચાલતો પસાર થતો હતો તે દરમ્યાન ટ્રેનની અડફટે આવી જતાં તેનું સ્થળ પર મોત થયું હતું. જેની જાણ ભક્તિધારામાં રહેતા સંયુક્તકુમાર અરુણકુમાર સિંગે સાયણ પોલીસને કરી હતી. ઘટના બાબતે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આઝાદીનાં 74 વર્ષ બાદ પણ રિંગાપાદરમાં મતદાન મથકની સુવિધા જ નથી

સાગબારા: ડેડિયાપાડાનું રિંગાપાદર ગામ આઝાદીનાં ૭૪ વર્ષ પછી પણ વિકાસથી વંચિત છે. અહીં રોડ-રસ્તા તેમજ વીજળીને લઈ મોટી સમસ્યા તો છે. પરંતુ બીજી એક સમસ્યા ગામમાં મતદાન મથકને લઇને પણ છે. આઝાદીનાં વર્ષો બાદ પણ ગામમાં મતદાન મથક જ નથી. જેના કારણે ગામના લોકોએ મતદાન કરવા માટે રિંગાપાદર ગામથી સાત કિલોમીટર દૂર ચોપડી ગામે પ્રાથમિક શાળાના મતદાનમથક પર મતદાન કરવા જવાની ફરજ પડે છે. જેમાં આ બે ગામને જોડતા સાત કિ.મી.ના માર્ગની હાલત તદન બિસમાર છે. અને રસ્તા વચ્ચે મોટી ખાડી અને કોતરો આવેલા છે, જેમાં ધસમસતા પાણી વહે છે અને જે કારણે બંને ગામ વચ્ચે સંપર્ક પણ તૂટી જાય છે. આથી ગ્રામજનો દ્વારા મામલતદાર કચેરી ખાતે મામલતદારને અલગ મતદાન મથકની માંગણીને લઈ અને આવેદન આપવામાં આવ્યું હતું.



## અંકલેશ્વરમાં માર્ગોના ખસ્તા હાલ તંત્રને જગાડવા યૂથ કોંગ્રેસનું આવેદન

**અંકલેશ્વરના** રસ્તા ઉબડખાબડ હોવાથી ટેમ્પોમાંનાં ઈંડાં ફૂટી જતાં વેપારીને નુકસાન

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના માર્ગો અતિ બિસ્માર બન્યા છે. આથી ભરૂચી નાકા નજીક આવેલ માર્ગ અંકલેશ્વર શહેર નગરપાલિકા કચેરી સામે ઉબડખાબડ માર્ગ પરથી પસાર થતાં એક ટેમ્પોમાંથી ઈંડાંની ટ્રે પડી હતી. જેના કારણે સેંકડો ઈંડાં માર્ગ પર ફૂટતાં અનેક વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આથી ભરૂચી નાકા નજીક આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરી ખાતે અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા યૂથ કોંગ્રેસના પ્રમુખ ભરત પરમાર સહિત યૂથ કોંગ્રેસના કાર્યકરોએ આવેદનપત્ર પાઠવી તાત્કાલિક માર્ગનું સમારકામ શરૂ કરવામાં નહીં આવે તો ચક્કાજામ કરવાની ચીમકી આપી હતી.

### ફિલિપ્સ કાર્બન બ્લેક દ્વારા પ્રદૂષણનો વિવાદ

## કંપનીને બંધ કરાવવા આખા પાલેજ ગામની માંગ, સરપંચ પરિવાર કંપનીની તરફેણમાં

**આરીફખાં** પઠાણે કંપની બંધ ન થાય તેવી માંગ અને કંપનીના કર્મચારીઓએ કંપનીની તરફેણ કરી સાંસદ મનસુખ વસાવાને આવેદન આપ્યું



ભરૂચ: પાલેજમાં ફિલિપ્સ કાર્બન દ્વારા થયેલા પ્રદૂષણના વિવાદમાં ગામ આખું એક તરફ પ્રદૂષણ ઓકતી કંપનીને બંધ કરવાની માંગ ઉઠાવી રહ્યા છે. જ્યારે બીજી તરફ ખુદ સરપંચના પરિવારના સભ્યએ જ કર્મચારીઓની આગેવાની લઈ કંપનીની તરફેણમાં દેખાવ કરી સાંસદ મનસુખભાઇને આવેદન આપવામાં મુખ્ય ભૂમિકા નિભાવતા ગામમાં નવો વિવાદ છેડાયો છે.

ત્રણ દિવસ પહેલા પાલેજમાં આવેલી ફિલિપ્સ કાર્બન કંપની દ્વારા મોટા પાયે હવામાં કાર્બન ડસ્ટ છોડાતાં પાલેજમાં પ્રદૂષણ ઉભું થયું હતું. જેના પગલે સ્થાનિક રહીશોમાં રોષ ઉભો થયો હતો. લોકોના સ્વાસ્થ્ય સામે ખતરો ઉભો થતાં કંપની સામે વિરોધનો પ્રચંડ સુર પણ ઉઠ્યો હતો. સ્થાનિક રહીશોએ કંપનીના ગેટ પાસે દેખાવ કરી પ્રદૂષણ ઓકતી કંપનીને બંધ કરવાની માંગ ઉઠાવી હતી એટલુંજ નહિ બીજા દિવસે જિલ્લા કલેક્ટરને આવેદન આપી આ કંપનીને બંધ કરવા માટેની માંગ દોહરાવી હતી. તો બીજીબાજુ સરપંચ પરિવારના સભ્યો કાર્બન કંપનીની તરફેણમાં હોવાનું બહાર આવ્યું છે. પાલેજના આરીફખાં નિઝામખાં પઠાણે આગેવાની લઈ કંપનીના કામદારોને સાથે રાખી કંપનીની તરફેણમાં દેખાવ કર્યા હતા. એટલું જ નહિ તેમણે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાને પણ લેખિતમાં આવેદન આપ્યું હતું. જેમાં કંપની દ્વારા ગામના લોકોને રોજગારી અપાતી હોવાનો મુદ્દો આગળ ધર્યો હતો.

## કડોદરામાં કોમ્પ્લેક્સના પાર્કિંગમાંથી ચીટર ગેંગની કાર બિનવારસી હાલતમાં મળી

પલસાણા : કડોદરા નગરમાં સરદાર કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં એક કાર કોઈ બિન વરસી હાલતમાં મૂકી ગયું હતું. જે અંગે દુકાનદારોએ કારના નંબર દ્વારા એપ્લિકેશન મારફતે તપાસ કરતા આ કારનું રજીસ્ટ્રેશન ‘ઝૂમ કાર’ નામની કાર ભાડે આપતી મુંબઈની એક કંપનીની હોવાનું જણાય આવ્યું હતું. સરદાર કોમ્પલેક્ષમાં જ ગત 2019ના જાન્યુઆરી મહિનામાં આ જ ઝૂમકાર લઈ બે અજાણ્યા ચીટરો આવ્યા હતા અને જવેલર્સ પાસે 70 હજારની ખરીદી કરી ખાતામાં રૂપિયા નાખવાનું કહી બેંકનો ખોટો મેસેજ બનાવી પલાયન થઈ ગયા હતા જેથી ફરી આજ પ્રમાણેની કાર કડોદરા વિસ્તારમાં દેખાઈ આવતા દુકાનદારોએ ચીટર ગેંગ ફરી અહીં સક્રિય થઈ હોવાની શંકા વ્યક્ત કરી હતી અને કડોદરા પોલીસ મથકમાં અરજી આપી યોગ્ય તપાસની માંગ કરી હતી.

## PM મોદીના સંભવિત આગમનને પગલે તંત્ર સજ્જ SOU વિસ્તારમાં રાજ્યનો મેગા કોરોના ટેસ્ટ કેમ્પ

**‘સ્ટેચ્યુ** ઓફ યુનિટી’ વિસ્તારમાં 2602 કર્મચારીના કોરોના ટેસ્ટ (RTPCR) કરાશે, રિપોર્ટ PMOમાં મોકલાશે

રાજપીપળા: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના લોકાર્પણને આગામી 31 મી ઓક્ટોબર 2020ના રોજ 2 વર્ષ પુરા થશે અને 3 જા વર્ષમાં પ્રવેશ કરશે. પીએમ મોદીની સંભવિત ઉપસ્થિતિમાં 31 ઓક્ટોબરના રોજ ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થશે. એ માટે નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. કદાચ પીએમ મોદીએ દિવસે ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવાની જાહેરાત પણ કરી શકે એવી સંભાવનાઓ રહેલી છે. હાલ કોરોના મહામારી ચાલી રહી છે પ્રવાસીઓના સ્વાસ્થ્ય માટે પીએમ મોદીના આગમન પહેલા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ વિસ્તારને કોરોના મુક્ત બનાવવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી રહી છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અને સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રષ્ટ દ્વારા SOU વિસ્તારમાં રાજ્યનો સૌથી મોટો કોરોના ટેસ્ટિંગ કેમ્પનું આયોજન કરાયું છે.

કેવડિયા ખાતે ફરજ બજાવતા પ્રત્યેક કર્મચારીનાં કોવિડ ટેસ્ટ 9/9/2020નાં રોજ સવારે 8 કલાકથી 10 અલગ અલગ કેન્દ્રો પર કરવાનો નિર્ણય નર્મદા નિગમના વહીવટી સંચાલક અને ગુજરાત વન વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવ કુમાર ગુપ્તાએ લીધો છે. આ ટેસ્ટ ઝુંબેશમાં કેવડિયા ખાતે ફરજ બજાવતા સરદાર સરોવર નર્મદા નિગમ લી., સ્ટેચ્યુ ઓફ યુનિટી, વનવિભાગ કેવડિયા, ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લી., GSECL, નર્મદા જિલ્લા કલેકટર કચેરી તેમજ L|T અને ટર્નરનાં તમામ કર્મચારીઓ તેમજ અધિકારીઓ તથા માધ્યમ કર્મીઓ મળી કુલ 2602 કર્મચારીઓને આવરી લેવાશે. આ ટેસ્ટિંગ માટે 50થી વધુ મેડિકલ ટીમને તૈનાત કરાઈ છે.

## ખેતી માટે નવું મીટર મુકાય તે પહેલાં તસ્કરો 11 થાંભલાના વીજવાયરો ચોરી ગયા

**વરસાદ** થંભી ગયો છે ને વીજ તાર કપાતાં પાક બચાવવા ખેડૂતની મથામણ

હથોડા: કઠવાડા ગામે રહેતા ખેડૂતનું ખેતર વેલાછા સિયાલજ માઈનોર ઉપર આવેલું છે જેનો સર્વે નંબર 355 છે જે ખેતર માટે જીઈબીમાં પૈસા ભરી નવા વીજ કનેક્શનની માંગણી કરાઈ છે. જીઈબી દ્વારા નવું મીટર મુકાય તે પહેલા ખેતર નજીકથી પસાર કરવામાં આવેલી વીજલાઈનના ૧૧ ગાળાના એટલે કે ૧૧ થાંભલાના વીજતારો ચોર ચોરી જતા વિસ્તારના ખેડૂતો માટે આફત ઊભી થવા પામી છે

કઠવાડા ગામે રહેતા ખેડૂત અમિત કુમાર કનકસિંહ વશીનું ખેતર વેલાછા સિયાલજ રૂટની સબમાઈનોર ઉપર આવેલું છે પાણીની ખેંચ પડતા નવા મીટરકનેક્શન જીઈબી દ્વારા મેળવવા પ્રોસેસ કરતા હજી તો જીઈબી દ્વારા મીટર મળે તે પહેલા વીજલાઈનના ૧૧ ગાળાના વીજતારો રાત્રિના સમયે તસ્કરો કાપીને લઈ જતા વિસ્તારના ખેડૂતોમાં ફફડાટ ફેલાઈ ગયો છે વીજતાર કપાતા અને બીજી તરફ વરસાદ બંધ પડતાં ખેડૂતો પોતાના અનમોલ પાકને બચાવવા માટે મથામણ કરી રહ્યા છે ત્યારે જીઈબી તંત્ર આ બાબતે પૂરતું ધ્યાન આપે એવી ખેડૂતોએ માંગણી કરી છે અને આ બાબતે ગુજરાત વિદ્યુતબોર્ડ કોસંબા કચેરીના પણ લેખિતમાં જાણ કરવામાં આવી છે



ઈબ્રાહીમ કાનુ

## ‘મુંબઈમાં સારો ધંધો છે, હીરા વેચાઈ જશે’ કહી વેપારી સાથે 14 લાખની છેતરપિંડી

**મુંબઈ** કમિશનથી હીરા વેચતા ઈસમે વેપારીના 2855 કેરેટ હીરા લીધા હતા

કામરેજ: વરાછા ખાતે રહીને હીરા લે-વેચનો ધંધો કરતા ઈસમ પાસે કમિશનથી મુંબઈમાં હીરા વેચવા લઈ જતા ઈસમે 2855 કેરેટ હીરાની કિંમત 14 લાખ લઈ છેતરપિંડી કરી હતી.

વરાછા બરોડા પ્રિસ્ટેજ પાસે મહેશ્વરી સોસાયટીમાં ઘનશ્યામભાઈ ધીરૂભાઈ પટેલ રહે છે. જે હીરા લે-વેચનો ધંધો કરે છે. હીરા ડુમસ-મગદલ્લા રોડ પર વેસુમાં જોલી રેસિડન્સીમાં સી ટાવરમાં ફ્લેટ નં.1304માં રહેતા સુનીલ સમુદ્રસેન ઝવેરી દ્વારા મુંબઈ ખાતે વેચાણ કરે છે. હીરા વેચવા માટે અડધો ટકા કમિશન સુનીલને આપે છે. સુનીલ ઝવેરીએ જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં 1400 કેરેટ હીરા વેચવા માટે આપ્યા હતા. પરંતુ કોરોના મહામારી આવતા લોકડાઉન થઈ જતાં ધંધા બંધ થઈ ગયા હતા. લોકડાઉન જાહેર થતાં ઘનશ્યામભાઈ અબ્રામા ખાતે આવેલા ફાર્મ હાઉસ પર પરિવાર સાથે રહેવા માટે આવી ગયા હતા. જૂન મહિનામાં મુંબઈ ખાતે હીરાનું માર્કેટ શરૂ થઈ જતાં સુનીલે જણાવ્યું કે, મુંબઈમાં હીરાની ડિમાન્ડ સારી છે. માલ વેચવો હોય તો મને આપો. તેમ કહેતાં જ પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અગાઉ આપેલાં 1400 કેરેટ હીરાનું શું થયું, તેમ કહેતાં વેપારીને વેચી દીધા છે. પેમેન્ટ થોડા સમય પછી આવશે. બાદ 12મી જૂનના રોજ 1455 કેરેટ હીરા વેચવા માટે 18000ની કિંમતે આપ્યા હતા. સુનીલભાઈએ ફોન કરતાં ગોળગોળ જવાબ આપ્યા બાદ ફોન પણ રિસીવ ન કરતાં રૂબરૂ બોલાવીને પૂછપરછ કરતાં વેપારીને આપ્યા છે, પરંતુ વેપારીનાં નામો ન આપીને 2855 કેરેટ હીરાની કિંમત 14 લાખની છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરતાં કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## અંકલેશ્વરના મહાવીર એપાર્ટમેન્ટમાં મકાનમાંથી પોણા પાંચ લાખની ચોરી

**મકાનમાલિક** પરિવાર સાથે સુરત જતાં તસ્કરોને મોકળું મેદાન મળ્યું

અંકલેશ્વર: અંકલેશ્વરની જીનવાલા હાઈસ્કૂલ સામે આવેલા મહાવીર એપાર્ટમેન્ટમાં એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ 4.72 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ જતાં શહેર પોલીસે તસ્કરોનું પગેરું મેળવવાની કવાયત હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વરના પિરામણ નાકા નજીક જીનવાલા હાઈસ્કૂલ સામે આવેલા મહાવીર એપાર્ટમેન્ટમાં મકાન નં.14માં રહેતા અતુલ મણીભાઈ શાહ મકાન બંધ કરી પરિવાર સાથે સુરત ખાતે ગયા હતા. સુરતથી પરત આવ્યા બાદ મકાનના દરવાજાનો નકૂચો તૂટેલો જોતાં ઘરમાં તપાસ કરતાં ત્રણ જેટલી તિજોરી તૂટેલી હતી. આથી શહેર પોલીસને જાણ કરી હતી. અતુલ શાહે રોકડા રૂ.70 હજાર અને રૂ.4 લાખ 2 હજારના સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.4.72 લાખની માલમત્તાની ચોરી અંગે શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. શહેર પોલીસે ગુનો નોંધી તસ્કરોનું પગેરું મેળવવાની કવાયત હાથ ધરી છે.

**જાહેર નોટીશ** આર.સી.પટેલ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ઓલપાડ પ્રાંત, ઓલપાડની કોર્ટમાં

નં. એડીએમ/જ.મ. રજીસ્ટાર નં. 166/2020

વાદી : શ્રીમતી ભાનુબેન હરિલાલ પટેલ - મુ.પો. કુદિયાણા, તા. ઓલપાડ, જી. સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી : તલાટી કમ મંત્રીશ્રી પારડીઝાંખરી, તા. ઓલપાડ, જી. સુરત

**જન્મ મરણ અધિનિયમ-1969 ની કલમ 13 (3) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવાની માટેની અરજી અન્વયે નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં તેઓનાં પુત્રી અંજનાબેન હરિલાલ પટેલનો જન્મ મુ. પારડીઝાંખરી, તા. ઓલપાડ, જી. સુરત ખાતે તારીખ : 12/10/1973 નાં રોજ થયેલ હોવાનું જણાવેલ છે. અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરવા હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વલગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખ : 07/09/2020 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(આર.સી.પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેક્ટર,
ઓલપાડ પ્રાંત, ઓલપાડ

**શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ**
**રજીસ્ટર્ડ ઓફીસ: ૯૫/૧, ભરૂચ પાલેજ રોડ, ભોલાવ, ભરૂચ-૩૯૨૦૦૧**
**ઇમેઇલ : nalexbh@yahoo.co.in ટે.નં. ૨૬૦૦૩૯**

**૩૯ મી વાર્ષિક સાધારણ સભાની સુચના અને ઈવોટિંગની જાણકારી**

આથી સુચના આપવામાં આવે છે કે શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ ની ૩૯ મી વાર્ષિક સાધારણ સભા આ સભાના સુચના પત્રમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી માટે બુધવાર ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ હોટલ શાલીમાર, સ્ટેશન રોડ, ભરૂચ - ૩૯૨૦૦૧ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે મળશે. કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની કલમ - ૨૦ તેના લગતા નિયમ સેબી (લીસ્ટીંગ ઓબલીગેશન અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન - ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ ને સાથે વાંચતા કંપનીનું રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુકસ શનિવાર તા.૨૬/૦૯/૨૦૨૦ થી બુધવારને તા.૩૦/૦૯/૨૦૨૦ (બંને દિવસ સહિત) સુધી બંધ રાખવામાં આવશે. એવા તમામ શેરધારકો જેમના સરનામા રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુકમાં નોંધાયેલ છે. તેમને ૩૯ મી વાર્ષિક સાધારણ સભાની સુચનાથી તેમજ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ વાર્ષિક અહેવાલની ભૌતિક નકલ મોકલવામાં આવી છે.

કંપનીઝ એક્ટ- ૨૦૧૩ ની કલમ - ૧૦૮ અને નિયમ - ૨૦ નાં કંપનીના (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) નિયમો ૨૦૧૩ અને સેબી (લીસ્ટીંગ ઓબલીગેશન અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન - ૨૦૧૫ અને એકત્રીત જોગવાઈઓને અનુલક્ષીને કંપની તેના સદસ્યોને વાર્ષિક સાધારણ સભાની સુચનામાં જણાવેલ તમામ ઠરાવો માટે ઈ-વોટિંગ સુવિધાની દરખાસ્ત કરે છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ માટે કંપનીએ સીડીએસએલ સાથે જોડાણ કરેલ છે.

કંપનીઝ એક્ટ - ૨૦૧૩ ની જોગવાઈઓ પ્રમાણેની વિગતો અને નિયમો નીચે જણાવવામાં આવે છે.

(અ) વાર્ષિક સાધારણ સભાની સૂચનામાં જણાવ્યા પ્રમાણેની તમામ કાર્યવાહીઓ માટે ઈલેક્ટ્રોનીક મતદાન કરી શકશે. ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને સમય: રવિવાર તા.૨૭/૦૯/૨૦૨૦ ના રોજ સવારે ૯.૦૦ વાગે ઈ-વોટિંગ પુરૂ થવાની તારીખ ૨૯/૦૯/૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ વાગે.

(બ) સદસ્યોને આથી જાણ કરવામાં આવે છે.

૧. તા.૨૬/૦૯/૨૦૨૦ ના રોજ સાંજના ૫.૦૦ કલાક પછી ઈ-વોટિંગ કરવાની છૂટ નહિ મળે.

૨. વાર્ષિક સાધારણ સભાના સ્થળે જેઓ બેઠકમાં હાજર છે અને જેમણે રીમોટ ઈ-વોટિંગથી મતદાન કર્યું નથી તેવા સભાસદને મતપત્રક દ્વારા મતદાન કરવાની સુવિધા આપવામાં આવશે. આમ તેઓ બેઠકના તેમના અધિકાર ઉપયોગ કરી શકશે.

૩. જે સભાસદોએ એજીએમ મળે તે પહેલા રીમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરી લીધું છે તેઓ એજીએમ માં હાજરી આપી શકશે. પરંતુ એજીએમ માં ફરીથી મતદાન નહિ કરી શકે.

૪. જે વ્યકિતનું નામ કટ ઓફ ડેટ તા.૨૩/૦૯/૨૦૨૦ ને બુધવારના રોજ રજીસ્ટર ઓફ મેમ્બર્સમાં જે ડિપોઝીટરીઝ દ્વારા જણાવવામાં આવતા રજીસ્ટર ઓફ બેનીફિશ્યલ ઓનર્સ નોંધાયેલું છે કે ફક્ત તેઓ જ રીમોટ ઈ-વોટિંગની સુવિધાને પાત્ર ગણાશે.

૫. વાર્ષિક સાધારણ સભાની સુચના તેમજ સીડીએસએલ (CDSL) દ્વારા મોકલવામાં આવેલા ઈ-મેઈલમાં ઈલેક્ટ્રોનીક વોટિંગ માટેની કાર્ય પદ્ધતિ જણાવેલી છે.

૬. **ફરિયાદ માટે સંપર્ક:-** જો ઈ-વોટિંગની બાબતમાં આપને કોઈ મુંઝવણ કે પ્રશ્ન હોય તો આપ મેમ્બર્સ માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) માં અને www.evotingindia.co.in માં ઉપલબ્ધ રીમોટ ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલના હેલ્પ સેકશનમાં તેનું નિરાકરણ મેળવી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com ઈમેઈલ કરી શકે છે.

**નિયામક મંડળના આદેશથી..**
**શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ વતી**

**સ્થળ : ભરૂચ** **(કાંતીલાલ પટેલ)**
**તારીખ: ૦૭/૦૯/૨૦૨૦** **મેનેજીંગ ડિરેક્ટર**